eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 219
March 12, 2010

## આંતરાષ્ટ્રીય મહિલા દિન




આઠમી માર્ચને આખા વિશ્વમાં આંતરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૦૮–૦૩–૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન ખાતે મહિલાઓને સન્માનીત કરવા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ગુજરાત રાજયના મા. મુખ્ય મંત્રીશ્રી ને જાહેર જનતા તરફથી ભેટમાં મળેલ તેમજ રાજયના તોશાખાનામાં જમા થયેલ મૂલ્યવાન વસ્તુઓ જેવી કે ચાંદી, કાપડની બનાવટો તથા વિવિધ મોમેન્ટોનું જાહેર પ્રદર્શન તથા હરાજી

ગુજરાત સરકારશ્રી દ્વારા નિર્દેશન કર્યા મુજબ સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેર જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે ગુજરાત રાજયના મા. મુખ્ય મંત્રીશ્રી ને જાહેર જનતા તરફથી ભેટમાં મળેલ તેમજ રાજયના તોશાખાનામાં જમા થયેલ મૂલ્યવાન વસ્તુઓ જેવી કે ચાંદી, કાપડની બનાવટો તથા વિવિધ મોમેન્ટોનું જાહેર પ્રદર્શન તથા હરાજી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ફાઈલેરીયા નિર્મૂલન કાર્યક્રમ



ફાઈલેરીયા નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવાની થતી મોર્બીડીટી મેનેજમેન્ટ અંગેની પ્રવૃત્તિ માટે સુરત મહાનગરપાલિકાનાં હદ વિસ્તારમાં આવેલ ફાઈલેરીયાના દર્દીઓને મોર્બીડીટી મેનેજમેન્ટ અંગેની કીટ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વેરા વસુલાત માટે લિંબાયત ઝોન ધ્વારા સખ્ત કાર્યવાહી ૧૧–નળ જોડાણ કાપ્યા ૩૨ દુકાનો સીલ કરી

લિંબાયત ઝોન ધ્વારા વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવવામાં આવી છે. વેરો ભરપાઈ કરવામાં અખાડા કરતા કરદાતાઓ સામે સખત પગલા લેવાની શરૂઆત ઝોનના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા શરૂ કરવામાં આવી છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે ઉધના ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને : ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે અઠવા ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને : ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ હોય નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આંતરાષ્ટ્રીય મહિલા દિન




આઠમી માર્ચને આખા વિશ્વમાં આંતરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૦૮-૦૩-૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન ખાતે મહિલાઓને સન્માનીત કરવા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહની શરૂઆતમાં મ્યુ. કમિશ્નર કુ. એસ. અપર્ણાએ તમામને મહિલાઓને સમાજની વિવિધ પ્રવૃતિમાં આગળ વધવા શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય મહેમાન ઓપ્થોમોલોજીસ્ટ ડૉ. મીતાલીબેન ગર્ગે ડૉકટર હોવા છતાં સ્ત્રીઓ માટેની અન્ય સામાજીક જવાબદારીનો ઉલ્લેખ કરી તેની સફળતા માટેના વિવિધ ઉપાયોનો ઉલ્લેખ કર્યો હતો. અન્ય મુખ્ય મહેમાન શ્રીમતી ગીતાબેન શ્રોફે અંગ્રેજી કાવ્યનો તરજુમો રજુ કરી યુવા સ્ત્રીઓને પોતાનું અધૂરું ભણતર પૂર્ણ કરી સ્વાવલંબી અને સ્વનિર્ભર બની આત્મવિશ્વાસ કેળવવા જણાવ્યું હતું. તથા હવેના સમાજમાં પુરુષોનો મોટો વર્ગ પણ સ્ત્રીઓને સહકાર આપે છે, તેનો ઉલ્લેખ કર્યો હતો. ત્યારબાદ સુરતના મા. સાંસદશ્રીમતી દર્શાનાબેન જરદોષ, વિવિધ સમિતિના મહિલા અધ્યક્ષશ્રીઓ, મહિલા મ્યુ. સદસ્યશ્રીઓ, રમતગમત, શિક્ષણ તથા અન્ય ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર મહિલાઓનું સન્માન કરવામાં આવયું હતું. સમારંભના અધ્યક્ષ મા. ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) એ નારી શકિત અને સ્ત્રી જાગરણના હેતુથી યોજેલા આ કાર્યક્રમ બદલ સુરત મહાનગરપાલિકાનો આભાર માની, સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવવા, નારી સન્માન કરવા જેવા સંકલ્પો લઈ આજના પ્રસંગને સાર્થક કરવા જણાવ્યું હતું. અંતે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયાએ ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સ્ત્રીભૃણ હત્યા અટકાવવાનો મેસેજ આપતું નાટક "દીપમાલા" તથા નારી શકિત દર્શાવતી નૃત્ય નાટિકા રજુ કરવામાં આવી હતી. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીગણ, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.




TOP

## ગુજરાત રાજયના મા. મુખ્ય મંત્રીશ્રી ને જાહેર જનતા તરફથી ભેટમાં મળેલ તેમજ રાજયના તોશાખાનામાં જમા થયેલ મૂલ્યવાન વસ્તુઓ જેવી કે ચાંદી, કાપડની બનાવટો તથા વિવિધ મોમેન્ટોનું જાહેર પ્રદર્શન તથા હરાજી



ગુજરાત સરકારશ્રી દ્વારા નિર્દેશન કર્યા મુજબ સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેર જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે ગુજરાત રાજયના મા. મુખ્ય મંત્રીશ્રી ને જાહેર જનતા તરફથી ભેટમાં મળેલ તેમજ રાજયના તોશાખાનામાં જમા થયેલ મૂલ્યવાન વસ્તુઓ જેવી કે ચાંદી, કાપડની બનાવટો તથા વિવિધ મોમેન્ટોનું જાહેર પ્રદર્શન તથા હરાજી તા. ૯ થી ૧૧ માર્ચ, ૨૦૧૦ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમયાન સુરત મહાનપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરી, સીટીલાઈટ રોડ, સુરત ખાતે યોજવામાં આવેલ છે. આ હરાજીથી મળનાર આવક મા. મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિમા જમા કરવામાં આવશે. પ્રદર્શનનું ઉદ્દઘાટન તા. ૯–૩–૨૦૧૦ ના રોજ મા. કલેકટરશ્રી ધ્વારા કરવામાં આવ્યું. પ્રદર્શનમાં મ્યુ. કમિશ્નરશ્રી, જોઈન્ટ પોલીસ કમિશ્નરશ્રી(રેજન્ટ), સુરત મહાનગરપાલિકાના વિભાગીય વડાશ્રીઓ, જીલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં શહેરના નાગરિકો ઉપસ્થિત રહયા હતા. આ ભવ્ય પ્રદર્શન તથા હરાજી ધ્વારા આ અમૂલ્ય વસ્તુઓ ખરીદવાનો મોકો સુરત શહેરના નાગરિકોને દ્વિતીય વખત મળી રહયો હોય પ્રદર્શન કમ હરાજીમાં પધારવા સુરતના માનવંતા નગરજનોને હાર્દિક આમંત્રણ છે.

TOP

## ફાઈલેરીયા નિર્મૂલન કાર્યક્રમ



ફાઈલેરીયા નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવાની થતી મોર્બીડીટી મેનેજમેન્ટ અંગેની પ્રવૃત્તિ માટે સુરત મહાનગરપાલિકાનાં હદ વિસ્તારમાં આવેલ ફાઈલેરીયાના દર્દીઓને મોર્બીડીટી મેનેજમેન્ટ અંગેની કીટ (જેવી કે, કીટ બેગ નંગ–૧, કોટન ટુવાલ નંગ–૨, સાબુ(ગ્લીસરીન) નંગ–૨૪, કોટન ગોઝ બે બંડલ, ટબ નંગ–૨ અને મગ નંગ–૧) ઈસ્ટ ઝોન અને નોર્થ ઝોનનાં ફાઈલેરીયાનાં દર્દીઓને આપવા અંગેનો એક સમારંભ તા. ૬–૩–૧૦ નાં રોજ સવારે ૧૧–૦૦ કલાકે વરાછા ઝોનની ઓફિસમાં મા. ડેપ્યુટી મેયરશ્રી કિશોરભાઈ કાનાણીનાં અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ હતો.

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે ફાઈલેરીયાના દર્દીઓને લેવા જોગ કાળજી અને મહાનગરપાલિકા ધ્વારા આવામાં આવતી કીટનો વ્યવસ્થિત ઉપયોગ કરીને રોગને વધુ પડતો આગળ અટકાવવા, તેમજ સાથ સહકાર આપવા અંગે વિનંતી કરવામાં આવેલ. ઈ.ચા. જંતુનાશક અધિકારી ડો. કે.જી. વૈષ્વણ ધ્વારા હાથીપગા રોગ વિષેની માવજત અંગેની વિગતવાર પ્રેઝન્ટેશન કરવામાં આવેલ હતું. જેમાં ખાસ કરીને સ્વચ્છતા રાખવા બાબત, કસરત અને લેગ એલીવેશન બાબતની વિગતવાર માહિતી આપવામાં આવેલ હતી.

સદર સમારંભમાં વરાછા ઝોનનાં ૨૬ ફાઈલેરીયાનાં દર્દીઓને અને નોર્થ ઝોનનાં ૧૭ દર્દીઓને મળી કુલ ૪૩ મોરબીડીટી મેનેજમેન્ટની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતિ સ્મિતાબેન પટેલ, લાઈટ અને ફાયર કમિટીના ચેરમેન શ્રી વજુભાઈ સુહાગિયા, નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. એ. શ્રોફ અને શ્રી મહેન્દ્રભાઈ પટેલ, આસી. જંતુનાશક અધિકારીશ્રી એન.બી. સુથાર હાજર રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વરાછા ઝોનનાં આસી. જંતુનાશક અધિકારી શ્રી પી.જે. વાગડીયાએ કર્યુ હતું.

TOP

## વેરા વસુલાત માટે લિંબાયત ઝોન ધ્વારા સખ્ત કાર્યવાહી ૧૧–નળ જોડાણ કાપ્યા ૩૨ દુકાનો સીલ કરી

લિંબાયત ઝોન ધ્વારા વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવવામાં આવી છે. વેરો ભરપાઈ કરવામાં અખાડા કરતા કરદાતાઓ સામે સખત પગલા લેવાની શરૂઆત ઝોનના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા શરૂ કરવામાં આવી છે. વેરા વસુલાત ઝુંબેશના ભાગરૂપે છેલ્લા ત્રણ દિવસમાં કોર્મશીયલ મિલકતો ઉપરાંત રહેણાંક મિલકતોની નળ જોડાણ કાપવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

કોર્મશીયલ મિલકતો જેવી કે આઈ.ડી. શોપીંગ સેન્ટર, સર્વોદય માર્કેટ, ઋષભ માર્કેટ, એ.પી.એમ.સી. માર્કેટમાં ટેક્ષ ભરવામાં અખાડા કરતા કરદાતાઓની ૨૧ દુકાનોને સીલ કરી દેવામાં આવી છે. વોર્ડ નં. ૨૩ ડુંભાલ વિસ્તારમાં આવેલ ઉમા ઈન્ડ્રસ્ટીયલ, ગજાનંદ એપાર્ટ.તથા વિધાતા ટાઉનશીપની ૧૧ દુકાનોને સીલ કરી દેવામાં આવેલ છે.

રહેણાંક વિસ્તારોમાં ડોર ટુ ડોર રીકવરી અભિયાન ચાલુ રાખવામાં આવેલ છે. જે પૈકી વોર્ડ નં. ૪૧ માનદરવાજા–ભાઠેના વિસ્તારમાં આવેલ વેરા ન ભરતા રહેણાંક મકાનો પૈકી કુલ ૧૧ મિલકતોના નળ જોડાણો કાપી નાંખવામાં આવેલ છે.

વેરા વસુલાત માટે સખત કાર્યવાહી હાથ ધરવામાં આવતા કોમર્શીયલ મિલકતોમાંથી ૧૪,૪૬,૦૦૦/– તેમજ રહેણાંક મિલકતોમાંથી ૦૮,૪૪,૦૦૦/– થી વધુ રકમની સ્થળ ઉપર જ વસુલાત કરી લેવામાં આવેલ છે. કેટલાક દુકાનદારોએ એડવાન્સમાં ચેક જમા કરાવી દેતાં તેવી દુકાનોમાં સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા ખુલ્લા પ્લોટોની વસુલાત માટે પ્લોટની જાહેર હરાજી કરવાની નોટીસ પણ દૈનિક પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ખુલ્લા પ્લોટ ઉપર મિલકત ટાંચમાં લીધી હોવાનાં જાહેર નોટીસ બોર્ડ પણ મુકવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખાસ કરીને નવા સમાવિષ્ટ થયેલા વિસ્તારોમાં ખુલ્લા પ્લોટો વધુ હોય વોર્ડ નં. ૭૩ –ડીંડોલી–નવાગામ વિસ્તારમાં આવેલ શીવનગર સોસા., બજરંગ નગર, જલારામ નગર, ઓમ નગર વિગેરે સોસાયટીમાં જાહેર નોટીસનાં બોર્ડ લગાડવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામગીરી વેરો ન ભરતા અન્ય સોસાયટીમાં પણ હાથ ધરવામાં આવી રહી છે.

વેરા વસુલાત માટે લિંબાયત ઝોન ધ્વારા ૧૪ ટીમ બનાવી ડોર ટુ ડોર રીકવરી અભિયાન છેલ્લા એક માસથી ચાલુ કરવામાં આવેલ છે. રજાનાં દિવસોમાં કરદાતા ટેક્ષની રકમ ભરપાઈ કરી શકે તે માટે રજાના દિવસોમાં પણ વેરા વસુલાતની ઓફિસ ચાલુ રાખવામાં આવેલ છે. જેનો મહત્તમ લાભ લેવા કરદાતાને અનુરોધ કરવામાં આવે છે.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે ઉધના ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને : ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. જે અંતર્ગત તા. ૦૬/૦૩/૨૦૧૦ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે નવી સુમન હાઈસ્કુલ, નં. ૬, વિજયાનગર, ઉધના ખાતે વકતૃત્વ સ્પર્ધા તેમજ વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

સાંજે યોજાયેલ કાર્યક્રમમાં સૌપ્રથમ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ડે.કમિશ્નરશ્રી (જન.)એ મંચસ્થ મહાનુભાવો અને હાજર રહેલ નગરજનોને આવકાર્યા હતાં. સ્વર્ણિમ ગુજરાત–૨૦૧૦ની ઉજવણી પ્રસંગે હાજર નગરજનોને કોઈ એક સંકલ્પ લેવા જણાવ્યું હતું. મેયરશ્રી તથા મંચસ્થ મહાનુભાવોએ સ્વાંતત્ર્ય સેનાનીઓ, સુરતના ઉધોગક્ષેત્રે સિંહફાળો આપનાર તેમજ વિવિધ ક્ષેત્રે આગવી કામગીરી કરનાર નાગરીકોનું શાલ, ટ્રોફી અને સન્માનપત્ર આપી બહુમાન કર્યું હતું.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતું કે, સ્વાંતત્ર્ય સેનાનીઓનું સન્માન કરી અમોએ અમારી તેઓ પ્રત્યેની લાગણી વ્યકત કરી છે. શહેરને સુંદર, સ્વચ્છ રાખવા માટે શહેરીજનો તરીકે આપણા સૌની જવાબદારી છે. શહેરને સ્વચ્છ રાખવા માટે શહેરના નાગરિકો પાસે આ પ્રકારના સંકલ્પની આશા રાખું છું. અમારો ધ્યેય લોકોને સુવિધાઓ આપવાનો છે. આ મારું શહેર છે એવી લાગણી કેળવવાની શહેરની પ્રજાને હાકલ કરી હતી. સુરત શહેરે સ્વચ્છ સુરત તરીકેની જે ઈજ્જત મેળવી છે તેને આપણે સૌએ જાળવી રાખવાની છે. શહેરની જનતાને પુરા પાડવામાં આવતા પાણીનો બગાડ ન કરવાની અને જરૂર પુરતા પાણીનો ઉપયોગ કરવાની અપીલ કરી હતી. શહેરી જનતાને વૃક્ષો વાવવાની પણ અપીલ કરી હતી. જેનાથી પર્યાવરણ સુધરશે અને આવનારી પેઢીને એ રીતે એક સુંદર ભેટ આપી શકીશું. સાથે સાથે વિજળીનો વ્યય અટકાવવાની પણ અપીલ કરી હતી. મહાનગરપાલિકા ઘણા વિકાસના કામો કરી રહી છે તેમાં પ્રજાને સહકાર આપવાની અપીલ કરી હતી. શહેરની પ્રજા સુરત શહેરને ગૌરવ અપાવે એવી મારી લાગણી છે અને તે માટે શહેરની કાળજી રાખવા માટેનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.

**Continue …**





મ્યુ. સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ સરદારે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે સ્વર્ણિમ ગુજરાત વર્ષ– ૨૦૧૦ પ્રસંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહયું છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે જે વિના મુલ્ય હોય છે તે ખરેખર મુલ્યવાન હોય છે. હવા વિના મુલ્ય છે એટલે જ તે મુલ્યવાન છે. અને તેનાથી જ જીવન છે. સૌને ઉર્જા બચાવવાનો સંકલ્પ લેવાનો અનુરોધ કર્યો હતો.

સાંજે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉધના ઝોન વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓએ તથા અન્ય કલાસંસ્થાઓએ તેમની વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

અંતમા સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી, શ્રીમતિ મંજુલાબેન સાવલીયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી તા.૦૭/૦૩/૨૦૧૦ થી તા.૧૩/૦૩/૨૦૧૦ દરમ્યાન અઠવા ઝોન વિસ્તારમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરીજનોને અપીલ કરે છે.

TOP

# "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે અઠવા ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને : ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંર્તગત તા.૦૭/૦૩/૨૦૧૦ ના રોજ સવારે ૮:૩૦ કલાકે અઠવા ઝોન વિસ્તારમાં સામૂહિક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે કારગીલ ચોક ખાતે સામુહિક સફાઈ અભિયાન તેમજ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં શાળાના બાળકો તેમજ નગરજનોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આ રેલી કારગીલ ચોકથી શરૂ થઈ પીપલોદ ગામના વિવિધ વિસ્તારોમાં થઈ કારગીલ ચોક ખાતે પરત આવી હતી. જયાં સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તેમજ મ્યુ. સભ્યશ્રી ધ્વારા સામુહિક સફાઈ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શાળાના બાળકો અને જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી તા. ૦૮/૦૩/૨૦૧૦ થી તા. ૧૩/૦૩/૨૦૧૦ દરમ્યાન અઠવા ઝોન વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરીજનોને અપીલ કરે છે.

TOP